**તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૬૧ ટકા


# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૩ | ૩ જુલાઈ, ૨૦૧૬, રવિવાર ; જેઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## સસ્તા વિમાની ભાડાની સ્કીમ ઓગસ્ટથી

નવી દિલ્હી,તા. ૨

એવિએશન મંત્રાલયની ક્ષેત્રીય કનેક્ટીવીટી સ્કીમ ટુંકમાં જ અમલી કરવામાંઆવનાર છે. અડધા કલાકની ફ્લાઈટ અને ઓછા ભાડાની સ્કીમ ઓગષ્ટ મહિનાથી અમલી બનાવવામાં આવે તેમ માનવામાં આવે છે. ૧૭૭૦ રૂપિયાના ઓછા ભાડાની સ્કીમ પણ અમલી બનાવવામાં આવનાર છે. સરકાર ૨૦૦ કિલોમીટરથી ૮૦૦ કિલોમીટરના અંતરની અંદર શહેરો વચ્ચે ફ્લાઈટ કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ ચુકી છે. ક્ષેત્રીય કનેક્ટીવીટી સ્કીમની હદમાં વધુ ૪૧૦ વિમાની મથકોને આવરી લેવાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે.

## અરૂણ જેટલીની સંપત્તિ ૨.૮૩ કરોડ ઘટી

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલીની સંપત્તિ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૨.૮૩ કરોડ રૂપિયા ઓછી થઈ ગઈ છે. બેંક ખાતામાં રોકડ રકમ ઓછી હોવાના પરિણામ સ્વરૂપે તેમની સંપત્તિ ૬૮.૪૧ કરોડ રૂપિયા થઈ ગઈ છે. વડાપ્રધાનની કચેરીની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલી સંપત્તિની વિગત મુજબ જેટલીનું કહેવું છે કે છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન આવાસીય ધોરણ અને અન્ય ભૂખંડ સહિત તેમની સંપત્તિ ૩૪.૪૯ કરોડ રૂપિયા એક વર્ષ પહેલાના આંકડા સુધી હતી.

# ઢાકામાં છ ત્રાસવાદી ઠાર

## ૧૦ કલાકથી પણ વધુ સમય સુધી ઓપરેશન ચાલ્યુ : ૧૪ બંધકોને છોડાવી લેવામાં સફળતા મળી : હથિયારો સાથે સજ્જ ત્રાસવાદીઓ ત્રાટક્યા હતા

ઢાકા,તા. ૨

બાંગ્લાદેશના પાટનગર ઢાકામાં ડિપ્લોમેટીક ઝોનના રેસ્ટોરન્ટને ત્રાસવાદીઓના અંકુશમાંથી આખરે મુક્ત કરાવી લેવામાં સફળતા મળી છે. આ કમાન્ડો ઓપરેશનમાં છ ત્રાસવાદીઓ માર્યા ગયા છે પરંતુ આ હુમલામાં એક ભારતીય યુવતી સહિત ૨૦ લોકોના પણ મોત થયા છે. ત્રાસવાદીઓ ભારતીય યુવતી તરુસીને પણ મોતને ઘાટ ઉતારી દીધી હતી. માર્યા ગયેલાઓમાં તમામ ૨૦ વિદેશીઓ હોવાનું જાણવા મળ્યું છે. એક ત્રાસવાદીને જીવિત પણ પકડી લેવામાં આવ્યો છે. બાંગ્લાદેશના બ્રિગેડિયર જનરલ નઈમ અશફાક ચૌધરીનું કહેવું છે કે ત્રાસવાદીઓએ ૨૦ બંધકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તમામના ગળા કાપીને હત્યા કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. આર્મી પેરાકમાન્ડો યુનિટ દ્વારા ઓપરેશનનું નેતૃત્વ કરાયું હતું અને ૧૩ મિનિટમાં જ છ ત્રાસવાદીઓનો ખાત્મો કરાયો હતો. જ્યારે બાનમાં પકડી લેવામાં આવેલા કટેલાક વિદેશીઓ સહિત તમામને મુક્ત કરાવી લેવામાં આવ્યા છે. હથિયારો સાથે સજ્જ આતંકવાદીઓએ ગઈકાલે મોડી રાત્રે હુમલો કર્યા બાદથી આજે સવાર સુધી ભારે દહેશત ફેલાવી હતી. આજે સવારે જોરદાર કાર્યવાહી બાદ અંતે ત્રાસવાદીઓ ઠાર થયા હતા.





## મુંબઈમાં પણ ભારે વરસાદથી જનજીવન ઠપ

### લાઈફ લાઈન સમાન ગણાતી મુંબઈની લોકલ ટ્રેન સેવાને અસર : ટ્રેક પર પાણી ભરાયા : ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ

મુંબઈ, તા. ૨

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભારે વરસાદના પરિણામ સ્વરૂપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. તંત્રને સાવચેતીના વિવિધ પગલાં લેવાની ફરજ પડી રહી છે. ઉત્તરાખંડમાં એકબાજુ વાદળ ફાટવાની ઘટના હાલમાં જ બની છે. મુંબઈમાં ભારે વરસાદના કારણે શહેરના જુદા જુદા ભાગોમાં ઈમારતોને નુકસાન થયું છે. માર્ગ વ્યવહાર અને ટ્રેન સેવાને અસર થઈ છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ છે. જેથી સ્થાનિક લોકોને મુશ્કેલીનો સામનો



કરવો પડ્યો હતો. સતત વરસાદ ચાલુ રહેતા મુંબઈમાં દરિયામાં ઉંચા મોજા ઉછળ્યા છે. જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાયા છે. થાણેમાં વરસાદના કારણે એક કમ્પાઉન્ડની દિવાલ ધરાશીયી થઈ હતી. જેમાં કોઈને ઈજા ન થઈ હતી. જોકે આ બનાવમાં નવ કારને નુકસાન થયું છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે લોકલ ટ્રેન સેવાને માઠી અસર થઈ છે. લોકલ ટ્રેન ૧૦થી ૧૫ મિનિટ મોડેથી દોડી રહી છે. દક્ષિણ મુંબઈમાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે શાંતાક્રુઝમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગ તરફથી આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે મુંબઈ સહિત સમગ્ર કોકણ પ્રદેશમાં આગામી ૨૪ કલાકમાં અતિ ભારે વરસાદ પડી શકે છે. બીજી બાજુ હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ મોનસૂન પશ્ચિમી મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, હરિયાણાના મોટાભાગના વિસ્તારો, ચંદીગઢ, દિલ્હી, પંજાબ અને પૂર્વીય રાજસ્થાનના કેટલાક ભાગોમાં આગેકૂચ કરી રહ્યું છે.

# ઉત્તરાખંડમાં જળબંબાકાર

દહેરાદુન, તા. ૨

ઉત્તરાખંડમાં બે વધુ મૃતદેહ મળવાની સાથે જ રાજ્યમાં ભારે વરસાદના કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૧૪ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે રાજ્યભરની ૧૦થી વધુ નદીઓ અને નાની નદીઓમાં પાણીની સપાટી ચિંતાજનક રીતે વધી રહી છે. ભેખડો ધસી પડવાના કારણે અનેક માર્ગો પર જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. પીથોરાગઢ અને ચમોલી જિલ્લામાં શુક્રવારના દિવસે વાદળ ફાટવાની ઘટનામાં ભારે ખુવારી થઈ હતી. આ બનાવ બાદ હજુ પણ ૧૫ લોકો લાપત્તા થયેલા છે. મૃતકોની સંખ્યા વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. ખાસ કરીને નૈનિતાલ, ઉધમસિંહનગર, ચંપાવત જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ઉત્તરાખંડ માટે આગામી ૪૮ કલાક મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. આ રાજ્ય ત્રણ વર્ષ પહેલા આવેલા પુરના કારણે તબાહ થઈ ગયું હતું. તે વખતે ૬૦૦૦ લોકોના મોત થયા હતા.વધારાના સચિવ સી.રવિશંકરે માહિતી આપતા કહ્યું છે કે પીથોરાગઢ જિલ્લામાં ગઈકાલ રાતથી નવ મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે આજે બે મૃતદેહ મળી આવ્યા હતા.





# સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસાદ

## જાફરાબાદ, અમરેલી, ખાંભામાં પણ અતિ ભારે વરસાદ : રાજુલામાં કલાકોના ગાળામાં જ આઠ ઈંચ વરસાદ ખાબક્યા : અનેક ગામો સંપર્ક વિહોણા

અમદાવાદ, તા. ૨

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે પણ ભારે વરસાદ થયો હતો. જેથી જનજીવન ખોરવાઈ ગયું હતું. રાજુલા, જાફરાબાદ સહિત અમરેલી, ગીર, સાસણમાં ભારે વરસાદ થયો છે. રાજુલામાં ત્રણ કલાકના ગાળામાં આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકી જતા જનજીવન ખોરવાઈ ગયું હતું. તમામ વિસ્તારો જળબંબાકાર થયા હતા. નદીઓમાં પુરની સ્થિતિ પણ સર્જાઈ ગઈ હતી. પાંચથી વધુ ગામો સંપર્ક વિહોણા થયા હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ ભારે વરસાદની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. મોર્નિંગ અપરએર સાઈક્લોનીક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ માટેની આગાહીમાં પણ વરસાદની વાત કરવામાં આવી છે. રાજુલા અને જાફરાબાદથી પ્રાપ્ત અહેવાલ મુજબ વહેલી સવારે ચાર વાગ્યાથી જ રાજુલા, જાફરાબાદ, અમરેલી, ગીર, સાસણ, ધારી, લાઠી અને ઉના સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. જાફરાબાદમાં ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. રાજુલા શહેરમાં વીજળી ડુલ થઈ ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે અનેક જગ્યાઓ ઉપર વૃક્ષો પણ ધરાશાયી થયા છે.

ફુંકાવાવમાં વીજળી પડવાના કારણે એકનું મોત થયું છે. સાવરકુંડલાના પીપરડી ગામ બેટમાં ફેરવાયું હોવાના અહેવાલ મળ્યા છે. અહીં ચારેબાજુ પાણી ભરાઈ ગયા છે. હવામાન વિભાગ તરફથી ગુજરાતમાં આગામી પાંચ દિવસ દરમિયાન મધ્યમ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આજે સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદ યથાવત રીતે જારી રહ્યો હતો. અમરેલી, ભાવનગર, દ્વારકા, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગરમાં પણ વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. વીજપડીમાં બે કલાકમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. શાહી નદીમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ અમરેલી, રાજુલા અને જાફરાબાદમાં ભારે વરસાદના કારણે નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પાંચથી વધુ ગામો સંપર્કવિહોણા થઈ ગયા છે. અનેક લોકોના ઘરોમાં પાણી પણ ઘુસી ગયા છે. પાણીની સાથે સાથે સાપ પણ આવી ગયા હોવાના અહેવાલો મળી રહ્યા છે. બીજી બાજુ ખાંભા તાલુકામાં બે ઈંચથી છ ઈંચ જેટલો વરસાદ થયો છે. ખાંભા તાલુકામાં મેઘરાજાની જોરદાર એન્ટ્રી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ થયો છે. ખાંભાના ખાડધારમાં ત્રણ ઈંચ, બોરલામાં ચાર ઈંચ, બાબરપરામાં ચાર ઈંચ, ચક્વામાં છ ઈંચ, સાળવામાં ચાર ઈંચ જેટલો વરસાદ થયો છે. પીપરીયામાં પાંચ ઈંચ વરસાદ થયો છે. ઉના, પારડીમાં પણ ચારથી છ ઈંચ જેટલો વરસાદ થયો છે. ઉના શહેરમાં ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. લોકોના ઘરમાં પાણી પણ ઘુસી ગયા છે. બીજી બાજુ જાફરાબાદમાં આજે વહેલી સવારથી જ જોરદાર વરસાદ પડ્યો હતો. કલાકોના ગાળામાં જ ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

### ક્યાં કેટલો વરસાદ

ગુજરાતના કેટલાક ભાગોમાં અતિ ભારે વરસાદ નોંધાયો છે. ક્યાં કેટલો વરસાદ નોંધાયો તે નીચે મુજબ છે.

| સ્થળ | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| રાજુલા | ૮ |
| જાફરાબાદ | ૪ |
| ઉના | ૪ |
| પારડી | ૬ |
| તલાલા | ૪ |
| ગીર | ૪ |
| અમરેલી | ૩ |
| સાવરકુંડાલા | ૨થી વધુ |
| ભાવનગર | ૪.૫ |


ફેઝ - ૧ રેડી પઝેશન ● ફેઝ - ૨ નું બુકિંગ ચાલુ
1 BHK 80-85 Sq. Yard
SHOPS 300-500 Sq. Ft.
SHIVESH 195
1 BHK apartments & shops
99099 26961
શાંતિવન એસ.બી.આઈ. પાસે, મહાત્મા ગાંધી રોડ, જી.આઈ.ડી.સી. 'ક' રોડ, વાવોલ, ગાંધીનગર.

KHANAK INSTITUTE FOR PERFORMING ARTS - KIPA
રાસ-ગરબા ક્લાસ
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશબૂ કુલદીપ શુક્લ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.
ક્લાસીસ ૧ ઓગષ્ટ થી શરૂ
વહેલા તે પહેલા ના ધોરણે મર્યાદિત સ્ટુડન્ટસ લેવામાં આવશે.

@ સરગાસણ
Devnandan SUMMIT
2 & 3 BHK LUXURIOUS APARTMENT
Ready Possession
100% Loan Paper
શાંતિ વીલા બંગલો પાસે, પ્રમુખનગર,મહાત્મા મંદિર રોડ, સરગાસણ,ગાંધીનગર (M)9925005612

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

EXCHANGE | MGA | MARUTI DRIVING SCHOOL
ડાઉન પેમેન્ટ ₹52,333*
EMI ₹8060*
કુલ બચત ₹70,000*
WAGONR FOR THE SMARTER RACE
Petrol AMT 20.5# km/l | Petrol MT 20.5# km/l | CNG 26.6# km/kg
MARUTI SUZUKI Way of Life!
રથયાત્રા ના શુભ દિવસે વસાવો તમારી મનગમતી મારૂતિ કાર...
સૌથી ઓછા ડાઉન પેમેન્ટ અને માસિક હપ્તાથી.
તમારી જૂની ગાડી એક્ષચેન્જ કરાવો અને મેળવો મહત્તમ કિંમત*
*Conditions apply. Total benefits includes consumer offer + exchange bonus. Offer may vary variant to variant. All offer from Maruti Suzuki Dealer. Accessories & fitment shown may not be the part of Standard fitment and may differ variant to variant. #Test results of Rule 115 CMVR, 1989.
NANDA AUTOMOBILES PVT. LTD. CALL : 9978044000, 97277 26098/99 રવિવારે શોરૂમ ચાલુ રહેશે.
FOR CORPORATE & BULK ENQUIRY : FIROZ RATHOD M : 7574893373, Email : nanda.gdn.corp1@marutidealers.com
KALOL : Nr. Ganesh Petrol Pump, Chirag Cinema Road. M. : 9727726008 MANSA : 11-12, Muktanand Complex, Mansa-Gandhinagar Highway. M : 9727726054
DEHGAM : Nr. Umiya Mata Temple, College Road. M. : 9727726009 TRUE VALUE SHOWROOM : D-7 & 8, Swagat Rain Forest - 3, Nr. Kh 0, Sargasan, Gandhinagar.
AHMEDABAD : Avadh Arcade, Nr. Shell Petrol Pump, 132 Ft. Ring Road, Jivraj Park. MARUTI DRIVING SCHOOL : Ph.079-65728231